# <u>રેગ્યુલર દીવાની દરખાસ્ત નં.૦૯/૨૦૨૪ ના કામે આંક–૧ લગત હુકમ</u>

(૧.) હાલની દરખાસ્ત, વાદી દવારા રે. દી. મુ. નં. ૯/૧૧ થી વિજ્ઞાપન તથા કાયમી મનાઇ હુકમ મળવા તથા જમીનના કબજા બાબતનો દાવો કરેલ. જે દાવો અંશત: મજુર કરતા એવો હુકમ કરવામાં આવેલ કે, વાદીનો દાવો અંશત: મંજુર કરવામા આવે છે. આ કામે સર્વે નં. ૩૪૦ પૈકી હે. ૪૮–૦૫–૬૭ વાળી જમીનનો કબજો જયા સુધી વાદી પાસે આવેલ છે ત્યાસુધી પ્રતિવાદીએ તે જમીનનુ દબાણ ન કરવુ. તેવો પ્રતિવાદી સામે કાયમી મનાઇ હુકમ ફરમાવવામા આવે છે, તેમજ પ્રતિવાદીએ દાવાવાળી સદરહુ જમીન ૨૦૦ ચો. વાર ઉપર બતાવેલો પોતાનો કબજો હટાવી, આ જમીન વાદીને સોપી આપવી. તેમજ પ્રતિવાદીએ તેનુ ગેરકાયદેસર દબાણ દુર કરાવી પુર્વવત સ્થીતી કરી આપવી. તેવો હુકમ કરવામા આવેલ છે. આ હુકમ હોવા છતાં તે મુજબ કાર્યવાહી ન કરતા સદર દરખાસ્ત દાખલ કરી માગણી કરેલ છે કે,આ કામના સામાવાળાઓ વાદી સંસ્થાની સર્વે નં. ૩૪૦ પૈકી હે. આરે. ચો.મી. ૪૮–૦૫–૬૭ વાળી જમીનમાથી ૨૦૦ ચો. વારનો કબજો કરેલ હોય, તેમા દબાણ દુર કરી પુર્વવત સ્થીતી કરી આપી, કબજો વાદી સંસ્થાને સોપી આપે તેવો હુકમ કરવાની દાદ માગેલ છે.

(૨.) આંક–૦૫ થી વાદી તરફે દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજૂ રાખવામાં આવેલ છે. જેમાં માર્ક–૫/૧ થી રે. દિ. મુ.નં. ૦૯/૧૧ ના કામે થયેલ હુકમનામાની નકલ રજૂ રાખેલ છે.

(૩.) ત્યારબાદ અત્રેની અદાલત દ્ધારા પ્રતિવાદીને નોટિસ ધોરણર બજવણી કરવામાં આવેલ છે.

(૪.) ત્યારબાદ આંક–૧૭ થી દરખાસ્ત પ્રતિવાદી તરફે વાધા–જવાબ રજૂ રાખવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે જણાવેલ છે કે, વાદીની હાલની બજવણી વાળી ડીક્રીની અમલવારી સાત વર્ષ ઉપરાંત વીતી ગયેલ હોય, જેથી ડીલે લેચીઝ અને એકવીયન્સીઝના સીધ્ધાંતોનો બાધ નડતો હોય, ગુજ. કાળાભાઇ ગીગાભાઇ ચુડાસમાના બધા વારસદારોને જોડયા સીવાય

હાલની બજવણી ચાલવાપાત્ર ન હોય,નોન જોઈન્ડર ઓફ નેસેસરીઝ ઓફ પાર્ટીઝનો પ્રતિબંધ નડતો હોય, પ્રતિવાદીના હયાત વારસદારોને આ કામે પક્ષકાર તરીકે જોડેલ ન હોય પક્ષકારની ખામીનો બાધ નડતો હોય, લીમીટેશન એકટની જોગવાઇઓ મુજબ મુદતનો બાધ નડતો હોય રદ કરવા અરજ કરેલ છે. વધુમા, જણાવેલ છે કે, હાલમા સદર તકરારી જમીન ઉપર વાદીનો કબજો આવેલ નથી અને તેઓ તેમના બહોળા પરીવારના સભ્યો સાથે કાચુ મકાન બનાવીને રહેણાંક મકાન વરસોથી ધરાવે છે. તે સીવાય બીજુ કોઇ આશ્રય ન હોય બજવણી રદ કરવા અરજ કરેલ છે અને પ્રતિવાદી જે મકાન ધરાવે છે તેમાં તેમનો વરસો જુનો કબજો ભોગવટો ચો. વાર ૨૦૦ નો આવેલ તે વાદીના કબજામાં પહેલેથી આવેલ નથી અને વાદગ્રસ્ત જગ્યા વાદીની માલીકીમાં આવતી ન હોવા છતાં હાલની બજવણી થયેલ હોય, વાદીની દરખાસ્ત રદ કરવા અરજ કરેલ છે.

(૫.) હાલના કામે દરખાસ્ત વાદી તરફે મૌખિક દલીલો રજૂ રાખેલ છે. જે મુખ્યત્વે તેમની આંક-૧ અરજી મુજબની હોય જે ધ્યાને લેવામાં આવેલ છે. તેમજ પ્રતિવાદીએ પણ પોતાની મૌખિક દલીલો રજુ રાખી તે સાથે માર્ક - ૨૫/૧ થી ૨૫/૪ તથા ૨૬/૧ ના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે. જે ધ્યાને લેવા વિનંતી કરેલ છે.

(૬.) આમ, હાલની દરખાસ્ત અરજી, તેઓનો જવાબ, રેકર્ડ ઉપર રજૂ પુરાવા તેમજ બંન્ને પક્ષેની દલીલો ધ્યાને લેતા, વાદીએ પ્રતિવાદી સામે અત્રેની અદાલતમાં રેગ્યુલર દીવાની મુકદમાં નં. ૦૯-૨૦૧૧ દાખલ કરેલ હોવાનુ જણાય આવે છે. જે દાવાના કામે વાદીનો દાવો અંશત: મુજર કરી ઠરાવવામાં આવેલ કે, સર્વે નં. ૩૪૦ પૈકી હે. ૪૮-૦૫-૬૭ વાળી જમીનનો કબજો જયા સુધી વાદી પાસે આવેલ છે ત્યાંસુધી પ્રતિવાદીએ તે જમીનનુ દબાણ ન કરવુ તેવો પ્રતિવાદી સામે કાયમી મનાઇ હુકમ ફરમાવવામાં આવેલ તેમજ પ્રતિવાદીએ દાવાવાળી સદરહુ જમીન ચો. વાર ૨૦૦ ઉપર બતાવેલ પોતાનો કબજો હટાવી, આ જમીન વાદીને સોંપી આપવી તેમજ પ્રતિવાદીએ તેનુ ગેરકાયદેસરનુ દબાણ દુર કરાવી પુર્વવત સ્થીતી કરી આપવાનો હુકમ કરવામાં આવેલ.

વધુમા, આ કામે પ્રતિવાદી દવારા જે વાંધા આપવામા આવેલા છે અને તેમની દલીલોના સમર્થનમા જે રેવન્યુ રેકડ રજુ રાખવમા આવેલ છે, તે જોવામા આવે તો સદર કામે

દરખાસ્તમા પ્રતિવાદી તરીકે ગુજ. કાળાભાઇ ગીગાભાઇ ચુડાસમાના ૩ વારસદારોને જ પક્ષકારો બનાવેલ છે. પરંતુ માર્ક ૨૫/૩ વાળુ તલાટી કમ મંત્રી ગામ પંચાયત શેરીયાજનુ અસલ પેઢીનામુ ધ્યાને લેવામા આવે તો, સદર ગુજ. કાળાભાઇ ગીગાભાઇના વિધવા પત્ની તરીકે ચુડાસમા જીવીબેન કાળાભાઇનુ નામ જણાઇ આવે છે અને જેઓ કાળાભાઇ ગીગાભાઇના સીધીલીટીના વારસદાર હોવા છતા સદર દરખાસ્તમા જરૂરી પક્ષકાર તરીકે સામેલ રાખેલ નથી. જેથી ડીક્રી હોલ્ડરની દરખાસ્તને પક્ષકારની ખામીનો બાધ નડતો હોય તેમ જણાઇ આવે છે. કારણ કે જો સદર બજવણીનુ વિવાદાસ્પદ જમીનના સ્થળ ઉપર એકઝીકયુશન કરવામા આવે તો સદર જીવીબેન કાળાભાઇ ચુડાસમાના ૨૦૦ ચો. મી. પૈકી પોતાના ભાગના દબાણનુ સ્થળ ઉપર એકજીકયુશન થઇ શકે તેમ નથી. આમ, સદર દરખાસ્તને જરૂરી પક્ષકારનો બાધ નડે છે તેમ જણાઇ આવે છે.

વધુમા મુળ રે. દી. મુ. ૯/૧૧ ના આખરી હુકમમા મુખ્યત્વે વિવાદાસ્પદ જમીનનો કબજો જયા સુધી વાદી પાસે આવેલ છે તે શરત સાથે આખરી હુકમ કરવામા આવેલ છે. જેથી હાલની બજવણી ના દિવસે કે સ્થળ ઉપર સદર વિવાદાસ્પદ જમીનમા વાદીનો કબજો હોવો જરૂરી છે. આ બાબતે પ્રતિવાદી દવારા માર્ક ૨૬/૧ થી મોજે ગામ શેરીયાજના સદર વિવાદાસ્પદ સર્વે નં.નુ ગામ નમુના ૭ ની પ્રમાણીત નકલ રજુ રાખેલ છે. તે જોતા સદર ખેતીની જમીનમા શ્રી સરકારનુ નામ જણાઇ આવે છે અને બીજા હકકના બોજાની વિગતોમા એમ લખેલુ છે કે *'મહેસુલી તલાટી શેરીયાજ તથા સર્કલ ઓફીસર માગરોળ દવારા કબજો સંભાળ્યા અંગેના રોજકામ આધારે સદરહુ જમીનનો કબજો સરકાર પક્ષે એક તરફી સ્વકાર કરવામાં આવતા નોંધ કરી.'* એમ લખેલુ જણાઇ આવે છે. આમ, સદર વિવાદાસ્પદ જમીનનો કબજો હાલમા વાદી પાસે નથી તેમ જણાઇ આવે છે. જેથી આવા તબકકે મુળ દાવાના આખરી હુકમ જોતા વાદી પાસે જમીનનો કબજો જ આવેલ નથી. જેથી હાલની બજવણી સ્થળ ઉપર શકય બને તેમ નથી. વધુમા, સદર વિવાદાસ્પદ ખેતીની જમીનમા બીજા હકકની વિગતો જોતા સરકારશ્રીનો કબજો જાણઇ આવતો હોઇ, તેમજ સરકારશ્રીના નામે સદર ખેતીની જમીન ચાલતી હોય, હાલની દરખાસ્તમા સરકારશ્રીને પણ પક્ષકાર તરીકે જોડેલા ન હોય, હાલની બજવણી થઇ શકે તેમ નથી. આ તમામ હકીકતો ધ્યાને લેતા ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**–:: હુકમ ::–**

૧. હાલની દરખાસ્ત અરજી સંદભે" મુળ વિવાદાસ્પદ જમીનમા વાદીનો કબજો ન હોય તેમજ પક્ષકારની ખામીનો બાધ નડતો હોય બજવણી કરવાનુ કોઈ કારણ જણાઈ આવતુ ન હોય, હાલની બજવણી રદ કરવાનો હુકમ કરવામા આવે છે.

૨. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ તા.૦૬ મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

**તારીખ. ૦૬ / ૦૩ / ૨૦૨૬** **(આનંદ એમ. મહેતા)**

**માંગરોળ.** **મુખ્ય સિવિલ જજ**

**માંગરોળ.**

**કોડ નં – જીજે ૦૧૬૭૩**